ગુજરાત પ્રદેશ ભાજપા

તા.૦૧ નવેમ્બર ૨૦૨૬

ગુજરાત ભાજપાના પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુઘજીની વિશેષ ઉપસ્થિતિમાં તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ખાતે પ્રદેશ બેઠક યોજાઇ

પ્રદેશ બેઠકમાં ભાજપાના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન, જનજાતિ ગૌરવ અભિયાન સહિત આગામી સંગઠનાત્મક કાર્યક્રમોના આયોજન અને સંગઠનાત્મક વિષયો અંગે વિસ્તૃત પરામર્શ કરવામાં આવ્યો

સુનિયોજિત સંગઠન વ્યવસ્થા, સુદ્રઢ સંકલન, પ્રદેશ થી બુથ સ્તર સુધી સંવાદ અને સમન્વય સાથેની ગુણાત્મક કાર્યપદ્ધતિ પર ભાર મૂકી માર્ગદર્શન આપતા ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુઘજી

ભાજપાની વિકાસ અને રાષ્ટ્રવાદની વિચારધારાને જન જન સુધી પંહોચાડવા અને વિપક્ષના અપપ્રચારને તથ્યો સાથે ઉજાગર કરવા અંગે સૌને હાકલ કરતા શ્રી તરુણ ચુઘજી

સ્થાનિક સ્તરે અસરકારક જનસંપર્ક અંગે વિશેષ ભાર મૂકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ કાર્યરત વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને વિકાસકાર્યોની માહિતી જન જન સુધી પહોંચાડવા સતત કાર્યરત રહેવા કાર્યકર્તાઓને અનુરોધ કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

સત્તાવિહોણા, જનતાનો વિશ્વાસ ગુમાવી ચૂકેલા વિપક્ષના જનતાને ગેરમાર્ગે દોરવાના ષડયંત્રો સામે સાચી માહિતી જનતા સુધી પહોંચાડવા શ્રી જગદીશભાઈ વિશ્વકર્માનું આહ્વાન

ગત મહિનામાં યોજાયેલ કાર્યક્રમોની સમીક્ષા કરી જિલ્લા/ મહાનગર તથા મંડલ સ્તરે સંગઠનાત્મક બેઠકોના આયોજન અને આગામી કાર્યક્રમો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપતા શ્રી રત્નાકરજી

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજે ગુજરાત ભાજપાના પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુઘજીની વિશેષ ઉપસ્થિતિમાં તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ

વિશ્વકર્માની અધ્યક્ષતામાં ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે પ્રદેશ બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, પ્રદેશ સહ પ્રભારીશ્રીઓ શ્રી અજય મહાવરજી, શ્રીમતી ગોમતી સાઈજી, પ્રદેશ સહ સંગઠન મહામંત્રી શ્રી અરુણ બિન્નાડીજી, પ્રદેશ પદાધિકારીઓ, જિલ્લા તથા મહાનગરના પ્રમુખ તથા પ્રભારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. બેઠકમાં ભાજપાના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન, જનજાતિ ગૌરવ અભિયાન સહિત આગામી સંગઠનાત્મક કાર્યક્રમોના આયોજન અને સંગઠનાત્મક વિષયો અંગે વિસ્તૃત પરામર્શ કરવામાં આવ્યો હતો.

પ્રદેશ ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુઘજીએ પ્રદેશ બેઠકમાં સુનિયોજિત સંગઠન વ્યવસ્થા, સુદ્રઢ સંકલન, પ્રદેશ થી બુથ સ્તર સુધી સંવાદ અને સમન્વય સાથેની ગુણાત્મક કાર્યપદ્ધતિ પર ભાર મૂકી માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ ભાજપાની વિકાસ અને રાષ્ટ્રવાદની વિચારધારાને જન જન સુધી પંહોચાડવા અને વિપક્ષના અપપ્રચારને તથ્યો સાથે ઉજાગર કરવા અંગે સૌને હાકલ કરી હતી.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તેમના સંબોધનમાં સ્થાનિક સ્તરે અસરકારક જનસંપર્ક અંગે વિશેષ ભાર મૂકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ કાર્યરત કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને વિકાસકાર્યોની માહિતી જન જન સુધી પહોંચાડવા સતત કાર્યરત રહેવા અનુરોધ કર્યો હતો. રાજ્યમાં ૩૧ વર્ષથી અને દેશમાં ૧૩ વર્ષથી સત્તાવિહોણા, જનતાનો વિશ્વાસ ગુમાવી ચૂકેલા વિપક્ષના જનતાને ગેરમાર્ગે દોરવાના ષડયંત્રો સામે સાચી માહિતી જનતા સુધી પહોંચાડવા શ્રી વિશ્વકર્માએ આહ્વાન કર્યું હતું.

પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીએ બેઠકમાં 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત અત્યાર સુધી યોજાઈ ગયેલ કાર્યક્રમોની
સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત તેઓએ જિલ્લા/ મહાનગર તથા મંડલ સ્તરે સંગઠનાત્મક બેઠકોના આયોજન અને આગામી કાર્યક્રમો, દિવાળી બાદ આયોજિત થનારા વિધાનસભા સ: સ્નેહમિલન કાર્યક્રમ સંદર્ભે વિસ્તૃત પરામર્શ કર્યો હતો.

'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત આજની બેઠકમાં પ્રદેશ મહામંત્રીશ્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટે આગામી સમયમાં રાજ્યભરમાં યોજાનાર યુવા સંવાદ કાર્યક્રમો, પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટે 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રાના ઝોન સ: આયોજન, પ્રબુદ્ધ નાગરિક

સંમેલન અને પ્રભાવી નાગરિક આઉટરિચ સહિતના કાર્યક્રમોના આયોજન અંગે સંવાદ કર્યો હતો. પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવાએ ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧ મી જન્મજયંતિ નિમિત્તે ૧૧ થી ૧૮ નવેમ્બર સુધી યોજાનાર જનજાતિય ગૌરવ અભિયાન સંદર્ભે વિવિધ કાર્યક્રમો અંગે જાણકારી આપી હતી.

આજની પ્રદેશ બેઠકમાં સ્વાગત પ્રવચન પ્રદેશ મહામંત્રી શ્રી અનિરૂદ્ધભાઈ દવે તથા સંચાલન પ્રદેશ મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણે કર્યું હતું.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત